# ઋણ સ્વીકાર

બાળપણથી જ મને કશું જો ન ગમતું હોય તો એ છે - 'ભેદભાવ'. કોઈ અતિપ્યારું તો કોઈ અતિ અળખામણું. આ પ્રકારનું વલણ કોઈપણ જગ્યાએ હું અનુભવું તો તેનો હું વિરોધ કરતી અથવા એ જગ્યા છોડી દેતી. આમ તો, ગુજરાતી વિષય પહેલેથી જ પ્રિય રહ્યો છે. પરંતુ આ વિષય સાથે જ આટલું આગળ વધવાનું થશે તેનો ખ્યાલ નો'હતો. જ્યારે ભાઈ-બહેનોએ ઉચ્ચતર કક્ષાનું ભણવાનું શરુ કર્યું, ત્યારે ભેદભાવે થોડી દેખા દીધી. એટલે હવે પીએચ.ડી. કરીને હું મારા માન અને જ્ઞાનમાં વધારો કરીશ એવા વિચારો મગજમાં ફરતા હતાં. પરંતુ તેમાં સાહસ કરવાનું બળ નો'હતું. એ જ સમયે મારા જીવનમાં એક ખાસ મિત્ર મનાલી જોષીનું આગમન થયું. આમ તો, હું પોતાને બહું કુશળ નો'હતી સમજતી. એમાય મનાલીની કુશળતા જોઈને લાગતું, કે હજુ તો બહું શીખવાનું બાકી છે. પરંતુ 'સૌથી પહેલા પોતાની જાત પર, પોતાની આવડત પર વિશ્વાસ કરવો જોઈએ' - આ શીખ આપનાર મનાલીએ મારાથી રિસાઈ જઈને PET (પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા) અપાવી. ત્યારપછી મેં પીએચ.ડી.માં રજીસ્ટ્રેશન તો કરાવ્યું પરંતુ મનમાં એક ફફડાટ રહેતો. ત્યારે પણ 'આપણે યુનિવર્સીટી લેવલની સ્ટોરી રાઈટીંગ કોમ્પિટિશનમાં પહેલો નંબર મેળવ્યો છે. એ ભૂલી નહિ જવાનું... તું કરી શકીશ'. તેના દ્વારા બે-ત્રણ વાર બોલાયેલા આ વાક્યએ kickનું કામ કરતું હતું. ત્યારપછી તેને મારા શોધનિબંધના કાર્ય દરમિયાન પણ ઘણી મદદ કરી. ખાસ, અંગ્રેજી અને કમ્પ્યુટરને લગતા કાર્યોમાં હંમેશા તે હાજર રહી. આમ, મનાલીને કારણે સંશોધન ક્ષેત્રે મારી શરૂઆત થઇ શકી. આવી મિત્ર (best friend) માટે હું તેનાથી વધું ઈશ્વરનો આભાર માનું છું.

જેમના કારણે પીએચ.ડી.માં રજીસ્ટ્રેશન થઇ શક્યું તે મારા સંશોધનક્ષેત્રના પહેલા ગુરુ પ્રૉ. દીપક રાવલને તો કેમ વિસરાય....! નિવૃત્ત થવાને કારણે લાંબો સમય તેમનું માર્ગદર્શન ના મળી શક્યું. પરંતુ હંમેશા એક ફોનથી પણ મને માર્ગ ચીંધનાર ગુરુને હું આ ક્ષણે યાદ કરું છું અને ખરા હૃદયથી તેમનો આભાર માનું છું. ત્યારપછી મધદરિયે પહોંચેલા મારા શોધનિબંધના જહાજનું સુકાન સંભાળનાર - ડૉ. ભરત પંડ્યા. જેમણે મારા શોધનિબંધને પૂર્ણતા સુધી પહોંચાડયો છે. દરેક માર્ગદર્શક જે-તે વિષયને અનુકૂળ માર્ગદર્શન તો આપે જ છે. જે એમણે મને પણ આપ્યું છે. પરંતુ ફક્ત ચિંતાજનક મુખ પરથી કોઈવાર પ્રેરણા મળે તેવી વાર્તા કહીને તો કોઈવાર તેવી સત્યઘટનાઓ

કહીને તેમણે મારું મન હળવું કરવાના પ્રયત્ન પણ કર્યા છે. આમ, સતત સાથ આપવા બદલ, સમયસર કામ પૂરું ન થતા પ્રેમાળ ઠપકો આપવા બદલ, ક્યારેય 'ના' ન કહેવા બદલ તથા અનુભવ જગતનો વિસ્તાર કરાવવા બદલ વંદનસહ ગુરુ ડૉ. ભરત પંડ્યાનો ખૂબ ખૂબ આભાર. તેમજ તેમના પત્ની ડૉ. પ્રતિભા પંડ્યા તથા બાળકો નંદની અને ભવદીપના પ્રેમાળ વ્યક્તિત્વને પણ અત્રે યાદ કરું છું.

મારા પડછાયાસમા મિત્ર રાઘવ માટે તો શબ્દો ઓછા પડે તેમ છે. હંમેશા મારા લખાતા જતા પ્રકરણમાં થતી ભૂલો (ખાસ જોડણી વિષયક) ચિંધનાર, અંત સમયે ટાઈપિંગ જેવા ટેકનિકલ કામો માટે મારી સાથોસાથ ઉજાગરો વેઠનાર, ક્યારેક ઠપકો આપીને તો ક્યારેક પ્રેમથી મારું મનોબળ મજબૂત બનાવનાર - નિઃસ્વાર્થભાવ ધરાવતા આ મિત્ર માટે હું મારા નસીબનો આભાર માનું છું.

PET(પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા) પાસ થયા બાદ ડૉ. ભરત પંડ્યા સર પાસેથી મને ગમે, તેવા રસપ્રદ વિષયની પ્રાપ્તિ થઇ. તેમાં પ્રૉ. ભરત મહેતા અને પ્રૉ. રાજેશ પંડ્યા સરે ઉચિત સુધારા કરી યોગ્ય પ્રપોઝલ બનાવવામાં મારી મદદ કરી. આ ઉપરાંત પ્રૉ. પુંડલિક પવાર, ડૉ. દર્શિની દાદાવાલા, શ્રી શકિલ કાદરી, પ્રૉ. નીતા ભગત, પ્રૉ. જયેશ ભોગાયતા તથા ડૉ. કાંતિ માલસતરે અભ્યાસકીય ક્ષેત્રે ઘણું જ્ઞાન પીરસ્યું છે. તે માટે સૌનો હૃદયસહ આભાર માનું છું. સંશોધક મિત્રો ગિરીશભાઈ, પ્રકાશભાઈ, રાજેન્દ્રભાઈ(બન્ને), હેમંતભાઈ, દિલીપભાઈ, જીજ્ઞાબેન, જલ્પાબેન, જ્યોત્સ્નાબેન, યોગેશભાઈ, જીગ્નેશભાઈ, જૈમિનભાઈ તથા ભાઈ-બહેન સમકક્ષ સંતોષ, ભૂમિ, અલ્પા, મયુર, જય, સપના અને અન્ય સૌ મિત્રો સાથેની સાહિત્ય વિષયક ચર્ચાને કારણે મારી જિજ્ઞાસાવૃત્તિ જળવાઈ રહી. તેથી સૌનો સ્નેહપૂર્વક આભાર. મને ટાઇપિંગમાં મદદ કરનાર પિનલ, તેજસ, દિલીપભાઈનો પણ ખૂબ ખૂબ આભાર. વિભાગમાં દરેકની સહાય કરતા જાગૃતિબેનનો પણ આભાર.

શ્રીમતી હંસા મહેતા લાઈબ્રેરી. જ્યાંથી મને ઘણું બધું જ્ઞાન પ્રાપ્ત થયું છે અને મનને શાંતિ મળી છે ત્યાંના પ્રકાશ સર, સ્ટાફના સૌ સભ્યો તથા પુસ્તક ન મળતા તરત શોધી આપનાર જીતુભાઈનો આભાર. મારા મેરીટને ધ્યાનમાં રાખી મને ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીએ URF (યુનિવર્સીટી રીસર્ચ ફેલોશીપ) આપી. જેના કારણે મારા શોધનિબંધના કાર્યને હું રાહતપૂર્વક પૂર્ણ કરી શકી તે બદલ હું મારી માતૃસંસ્થાની ઋણી રહીશ. હંમેશા મારી પડખે ઊભા રહેનાર મારા ખાસ

મિત્રો મનાલી, રાઘવ, નિખિલેશ, તેજસ, પિનલ, ભાગ્યશ્રી, નૂપુર, સૂચિ, ઈશ્વરી, સુદીપ સૌને પ્રેમ પાઠવું છું. અને હકારાત્મકતા તથા પ્રેરક સત્ર આપનાર મારી ડોક્ટર મિત્રને પણ અત્રે યાદ કરું છું.

મારી જનેતા નિતાબેન. જે હંમેશા ઇચ્છતા કે, મારી દીકરી શિક્ષણક્ષેત્રે ખૂબ સારું જ્ઞાન પ્રાપ્ત કરીને આગળ વધે. મારા પિતા સુરેશચંદ્ર જયસ્વાલ, જે હંમેશા એક જ શબ્દ કહેતા 'થઇ જશે બેટા...!' અને મને પીઠબળ મળી જતું. તેઓની હું હરહંમેશ ઋણી રહીશ. લગ્ન થતાજ એક બીજા માતા રમીલાબહેન અને પિતા સતીશચંદ્ર જયસ્વાલ મળ્યા. જેમણે સતત મારા માથે આશીર્વાદરૂપી હાથ રાખ્યો. અને બાળક હિયાંશના આગમન પછી મારા સાસુએ સમયની મોકળાશ આપી. જેના કારણે હું મારા શોધનિબંધનું કાર્ય પૂર્ણ કરી શકી. તેથી તેઓની પણ હું આજીવન ઋણી રહીશ. સુખ, દુઃખના સાથી ભાઈ હિરેન અને બહેન તેજલને તો કેમ વિસરાય...! અને ટૂંક સમયમાં જ મારો સૌથી વધુ નિકટનો મિત્ર બની જઈ, મારી દરેક વાત સમજીને તેને સમર્થન આપનાર અંકિતનો આભાર. તેમજ મને હસાવનાર, મારા જીવવાનું કારણ, મારા હૃદયના ધબકાર હિયાંશના ખિલખિલાહટનું સ્મરણ અહીં કરું છું.

અંતે, રસિકલાલ દાદા, શાંતા બા, ઊમા બા અને પરષોત્તમ દાદાને વંદન...!

(મકરસંક્રાંતિ - સંવત- 2079) માનસી જયસ્વાલ